# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

---

- ❖ આગામી ચોથી જૂનના રોજ યોજાનારી મતગણતરીની તૈયારીઓને અપાયો આખરી ઓપ.. રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીએ સમીક્ષા બેઠક યોજી
- ❖ રાજ્યભરમાં ચાલી રહેલા ગેમઝોનની તપાસ... પરવાનો અને આવશ્યક મંજૂરી ન લેવાઇ હોય તેના માલિકો સામે ગુન્હો દાખલ કરવા મુખ્યમંત્રીની સૂચના
- ❖ રાજકોટ ગેમઝોનની દુર્ઘટનામાં મૃત્યુ પામનારા 24 લોકોના મૃતદેહોની ડીએનએ ટેસ્ટ દ્વારા ઓળખ..10 મૃતદેહો પરિવારને સોંપાયા
- ❖ આજથી કાળઝાળ ગરમીમાંથી રાહત મળે તેવી હવામાન વિભાગની આગાહી.. પવનને કારણે તાપમાનનો પારો ગગડે તેવી શક્યતા
- ❖ પાલઘર પાસે માલગાડીના ડબ્બા ખડી પડવાની ગઇકાલની ઘટના બાદ રેલવે વ્યવહાર પૂર્વવત થયો ...

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# chief election officer

4થી જૂનના રોજ સવારે આઠ વાગ્યાથી રાજ્યના 26 કેન્દ્રો પર લોકસભાની ચૂંટણીની મતગણતરી શરૂ થશે તેમ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું છે..સમગ્ર મતગણતરી પ્રક્રિયા માટે 56 મતગણતરી નિરીક્ષક, 30 ચૂંટણી અધિકારી અને 180 મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે

મુખ્ય નિર્વાચન અધિકારીની અધ્યક્ષતામાં સ્ટેટ પોલીસ નોડલ ઑફિસર તથા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી..

વિધાનસભાની પેટાચૂંટણીઓની મતગણતરી સંદર્ભે મુખ્ય નિર્વાચન અધિકારીની અધ્યક્ષતામાં વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

રાજ્યના તમામ મતગણતરી મથકોએ આવશ્યક તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે મતગણતરી સ્ટાફનું પહેલું રેન્ડમાઈઝેશન એક અઠવાડિયા પહેલા, બીજું રેન્ડમાઈઝેશન મતગણતરીના 24 કલાક પહેલા અને ત્રીજું રેન્ડમાઈઝેશન મતગણતરીના દિવસે વહેલી સવારે 5 વાગ્યે નિરીક્ષકોની હાજરીમાં કરવામાં આવશે. મતગણતરીના દરેક ટેબલ પર એક માઈક્રો-ઑબ્ઝર્વર, એક કાઉન્ટીંગ સુપરવાઈઝર અને એક કાઉન્ટીંગ આસિસ્ટન્ટને ફરજ સોંપવામાં આવી છે. આ ઉપરાંત કાઉન્ટીંગ હૉલમાં બે માઈક્રો-ઑબ્ઝર્વર મૂકવામાં આવશે. મતગણતરીની સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા જેમને અધિકાર પત્રો આપવામાં આવ્યા છે તેવા મીડિયાકર્મીઓ પણ પ્રવેશ કરી શકશે.

---

- પીટીસી- ગાંધીનગર –હર્ષલ પંડ્યા -(નવીન)

# PATAN COUNTING

પાટણ લોકસભા બેઠકની 4થી જૂનના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે તેને અનુલક્ષીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ પ્રકારની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે અને મતગણતરી કામગીરીમાં ફરજ બજાવનાર અધિકારીઓ કર્મચારીઓના સ્ટાફને તાલીમ આપવામાં આવી હતી

મતગણતરીના દિવસે શાંતિપૂર્ણ માહોલમાં તમામ કામગીરી સંપન્ન થાય તે માટે પોલીસ બંદોબસ્ત, પાર્કિંગ, પીવાનું પાણી, ભોજન વ્યવસ્થા, ચા-નાસ્તાની વ્યવસ્થા, યોગ્ય સાફ-સફાઈ, ફાયર બંદોબસ્ત, સ્ટ્રોંગરૂમ, પોસ્ટલ બેલેટ સંબંધિત વ્યવસ્થા, મીડિયા સેન્ટરને લગતી તમામ વ્યવસ્થા, આરોગ્ય વિષયક વ્યવસ્થાઓ સંલગ્ન અધિકારીઓ અને તેઓની ટીમને સોંપવામાં આવી છે.

---------------------------------------------------------------------

- પીટીસી- પાટણ હર્ષલ પંડ્યા -(નવીન)

# GAME ZONE TAPAS

રાજકોટ ખાતે TRP ગેમઝોનમાં બનેલી આગ દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ હતી.. રાજ્યના પોલીસ મહાનિદેશક અને ગૃહ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી.

આ પ્રકારની દુર્ઘટનાનું ભવિષ્યમાં ક્યારેય પુનરાવર્તન ન થાય તેની તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં આ પ્રકારની જગ્યાઓ પર ખાસ ચેકીંગ કરવા સહિત અસરકારક કડક પગલાં સૂચનાઓ આપવામાં આવી છે.

રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જીલ્લા પોલીસ વડાઓને ગેરકાયદેસર ચાલતા ગેમ ઝોનમાં ચેકીંગ કરવા સૂચના આપવામાં આવી છે. જે ગેમ ઝોનનું ફાયર NOC ન હોય તથા લાયસન્સ મેળવેલ ન હોય તેમજ નિયમોનુસારની કાર્યવાહી કરેલ ન હોય તેના માલિકો વિરૂધ્ધમાં એફ.આઇ.આર. દાખલ કરવા આદેશ આપવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર -હર્ષલ પંડ્યા

-(નવીન)

# DNA MATCHING

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોન કરૂણાંતિકાના મૃતદેહ પોસ્ટમોર્ટમ અને ડીએનએ મેચિંગ બાદ તેમના પરિવારજનોને સોંપાઇ રહ્યાં છે. ગાંધીનગર એફ.એસ.એલ.માંથી ડી.એન.એ. મેચિંગનો રિપોર્ટ આવ્યા પછી સગાઓને મૃતદેહ સોંપવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અન્ય ત્રણ લાપતા વ્યક્તિના સગાવ્હાલા બહારગામ હોવાથી, ગઇકાલે ડી.એન.એ. સેમ્પલ લેવામાં આવ્યા હતા.

મંગળવારે સાંજ સુધીમાં કુલ મળીને ૨૪ મૃતદેહની ડી.એન.એ. મેચિંગના આધારે ઓળખ કરવામાં આવી છે. અત્યાર સુધી કુલ ૧૯ મૃતદેહ તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા છે.

એફ.એસ.એલ.નો રિપોર્ટ આવે ત્યારે રાજકોટ પોલીસ, જિલ્લા વહીવટી તંત્ર તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલના અધિકારીઓ દ્વારા સંકલનમાં રહીને દર્દીઓના સગાઓનો વિધિવત રીતે મૃતદેહ સોંપાઇ રહ્યા છે. **જ્યારે કેબિનેટ મંત્રીભાનુબેન બાબરિયાએ ટી.આર.પી.ઝોન દુર્ઘટનાના મૃતકોનાસ્વજનોને મળીને દિલસોજી પાઠવી હતી..**

**ગિરિરાજ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, એઇમ્સ, ખરેડા જઇને મૃતકોનાં પરિવારજનોને મળી દુખમાં સહભાગી થયા**

---

- પીટીસી- રાજકોટ- હર્ષલ પંડ્યા
-(નવીન)

# SURENDRANGAR CANDLE MARCH

રાજકોટ ગેમ ઝોનમાં લાગેલી આગના મૃતાત્મા ને શ્રદ્ધાંજલિ અપર્ણ કરવા સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કેન્ડલ માર્ચ યોજાઇ હતી.

સુરેન્દ્રનગરના ડૉ આંબેડકર ચોકથી ટાવર સુધી મૌન રેલી કરી અને મીણબત્તી પ્રગટાવી મૃતાત્માઓ ને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી

આ રેલીમાં સુરેન્દ્રનગર શહેર અને જિલ્લા કોંગ્રેસના નેતાઓ અને સ્થાનિક કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.. તેમજ મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી- સુરેન્દ્રનગર –હર્ષલ પંડ્યા -(નવીન)

# FIRE SAFTY OVERALL -JILLA

રાજકોટની દુર્ઘટના ના પગલે જામનગર મહાનગરપાલિકાનું તંત્ર સંપૂર્ણ પણે સજાગ બન્યું છે,જામનગર શહેરની તમામ ખાનગી હોસ્પિટલ રેસ્ટોરન્ટ કોમર્શિયલ કોમ્પ્લેક્સ માં ફાયર અને ટીપીઓ દ્વારા સર્વેની કામગીરી શરૂ કરાઇ  મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ આઠ ટીમો બનાવીને યુદ્ધના ધોરણે સર્વે કરાશે. જે  રિપોર્ટ તૈયાર કરીને ૩ દિવસમાં મ્યુનિ. કમિશનરને પહોંચાડવામાં આવશે.

મહીસાગર જિલ્લા કલેકટર નેહા કુમારીના આદેશ બાદ સમગ્ર જિલ્લામાં ફાયર સેફ્ટી નું ચેકિંગ કરવામાં આવ્યું હતું અને ફાયર સેફ્ટીની સમજણ પણ આપવામાં આવી હતી

વલસાડ જિલ્લા પોલીસની ટીમે વિવિધ ટ્રાફિક પોઇન્ટ ઉપર વાહન ચેકીંગ ઝુંબેશ  હાથ ધરી હતી. વાહન ચેકીંગ દરમ્યાન ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોના પાઠ ભણાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પીટીસી, JAMNAGAR,MAHISAGAR,VALSAD,,,JAYESH PATEL,(પ્રવિણ)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# WEATHER

કાળઝાળ ગરમીમાંથી હવે લોકોને રાહત મળશે.. રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન ગરમીનો પારો 2થી3 ડિગ્રી સેલ્સિયસ નીચો જાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

રાજ્યના અમદાવાદ, બનાસકાંઠા , સૌરાષ્ટ્ર અને કચ્છમાં દિવસ દરમિયાન 25થી 30 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાય તેવી પણ શક્યતા દર્શાવાઇ છે..

હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં હવામાન સૂકું રહેવાની અને પવન ફૂંકાવાની પણ શક્યતા વ્યક્ત કરાઇ છે.. છેલ્લા ચોવિસ કલાક દરમિયાન અમદાવાદમાં 54.2 ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં 45 અને ભાવનગર અને વિદ્યાનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું હતું...

---

- હવામાન વિભાગ—હર્ષલ પંડ્યા

-(નવીન)

# Gir Somnath License

ગીર સોમનાથ જિલ્લામાં પ્રથમ વખત નાગરીકો દરેક જાહેર સ્થળો પર પોતાની સલામતીના લાયસન્સોની વિગતો જોઇ શકશે.

આ અંગેનું જાહેરનામું બહાર પડતાં આ નવીન પહેલ અંગે જિલ્લા કલેકટર ડી.ડી. જાડેજાએ આ મુજબ જણાવ્યું.

**(બાઇટ – ડી. ડી. જાડેજા)**

-----------------------------------------------------------------------

-પીટીસી, ગીર-સોમનાથ અપર્ણા ખૂંટ, જયેશ વેગડા -(નવીન)

# Valsad Railway

વલસાડ જિલ્લાને અડીને આવેલા મહારાષ્ટ્રના પાલઘર રેલવે સ્ટેશનથી મુંબઈ તરફ જતી એક માલગાડી ટ્રેનના 8 જેટલા ડબ્બા ગઇકાલે પાટા ઉપરથી ઉતરી પડ્યા હતા.

રેલવે વિભાગના ટેક્નિશ્યનો દ્વારા ટ્રેક ઉપર પડેલા માલગાડીના ડબ્બાઓ દૂર કરી રેલ વ્યવહાર પુનઃ શરૂ કરાયો છે.

અમારા વલસાડના પ્રતિનિધિ જણાવે છે કે, મહારાષ્ટ્રના પાલઘર રેલ્વે સ્ટેશન પર મંગળવારે સાંજે માલગાડીના પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા, જેના કારણે ગુજરાતથી મુંબઈ આવતી ટ્રેનોને અસર થઈ હતી. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરે જણાવ્યું હતું કે આ ઘટના સાંજે 5.10 વાગ્યે બની હતી અને કોઈ જાનહાનિના અહેવાલ નથી. અસરગ્રસ્ત લાઇન પર ટ્રાફિક પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પાલઘરમાં ગુડસ ટ્રેનને નડેલા અકસ્માતના પગલે અનેક ટ્રેનને ટૂંકાવી દેવાઇ છે. જ્યારે કેટલીક ટ્રેનોને પરિવર્તિત માર્ગે દોડાવાઇ રહી છે.. જ્યારે મુંબઇ તરફ જતી અપ લાઇન પર ટ્રેન મોડી દોડી રહી હોવાનું નવસારી રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું.

---

- પીટીસી વલસાડ, હર્ષલ

-(નવીન)

# CID CRIME -GANDHINAGAR

ગુજરાત રાજ્ય અને દેશમાંથી ઉદ્યોગ, વ્યવસાય, નોકરી, શિક્ષણ માટે વિદેશ જતાં લોકોને પ્રલોભન આપી છેતરવાની 70 જેટલી મળેલી અરજી સંદર્ભે 17 જગ્યાએ રેડ પાડી 13 આરોપીઓને ઝડપી પાડ્યા છે. વિદેશમાં સારી નોકરી કે શિક્ષણ માટે ખોટા પ્રલોભન આપી વિદેશમાં ભારતીય નાગરીકને મોકલવામાં આવે છે. જે બાબતે મોટા પ્રમાણમાં પૈસા પણ પચાવી પાડવામાં આવે છે.

આ અંગે સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી મળેલી માહિતીને આધારે અલગ અલગ ૧૭ જગ્યાઓએ રેડ પાડવામાં આવી છે. જેમા કુલ ૧૩જેટલા ગુના નોધી 13 આરોપીઓની ધરપકડ કરાઈ છે. અને ઉપરાંત ભોગ બનનારના કુલ ૧૪ કરોડ રૂપિયા જેટલી રકમ વિઝાના કામે એજન્ટોએ પચાવી પાડી હતી. જેમાથી ૬૦ લાખ રૂપિયા અરજદારને એજન્ટ તરફથી પાછા આપી દેવાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સી.આઈ.ડી.ક્રાઈમમાં વિઝા તથા વિદેશમાં નોકરી કે શિક્ષણના બહાને થયેલ છેતરપીંડી બાબતે ૭૦ જેટલી અરજીઓ મળી હતી જેને લઈ આ કાર્યવાહી કરવામાં આવી છે જો કોઈને પણ આવી છેતરપીંડી થતી હોવાનું જણાય તો અધિક પોલીસ મહાનિદેશકની કચેરી, સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પીટીસી, GANDHINAGAR ,JAYESH PATEL,(પ્રવિણ)

# "world Menstrual hygiene day

રાજ્યમાં ગઇકાલે વિશ્વ માસિક સ્વચ્છતા દિવસની ઉજવણીકરવામાં આવી હતી. જે અંતર્ગત ભુજ તાલુકાના માધાપર ખાતે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં

કિશોરીઓને માસિક દરમિયાન ધ્યાન રાખવા જોગ બાબતો તથા એનિમિયા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી ઉપરાંત કિશોરીઓનો વજન અને ઊંચાઈ માપવાંમાં આવી હતી અને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમારા ડાંગ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે  પી.એચ.સી સેન્ટર  ખાતે વિશ્વ માસીક સ્વચ્છતા દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી .કાર્યક્રમમાં હાજર રહેલી  કિશોરીઓને માસિક સ્ત્રાવ વ્યવસ્થાપન દિવસ નિમિત્તે માસિકચક્ર દરમિયાન કિશોરીઓ  થતી મુશ્કેલીઓ, મૂંઝવણોના નિરાકારણ અને માસિકગાળા અંગેની ગેરમાન્યતાઓ વિશે ની ચર્ચા કરવામાં આવી હતી.

કિશોરીઓ માટે માસિક સ્વચ્છતા જાગૃતિ સંબંધિત રેલી,રંગોળી અને પોસ્ટર પ્રદર્શન નુ આયોજન કરવામા આવ્યુ હતુ .તેવી જ રીતે  પોરબંદર ખાતે "વર્લ્ડ મેન્ટ્રુઅલ ડે" નિમિત્તે ગર્લ્સ એજ્યુકેશન યુનિટ સમગ્ર શિક્ષાના કોર્ડીનેટર વૈશાલી પટેલ દ્વારા વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. માસિક દરમિયાન કિશોરીઓનો અભ્યાસ રૂધાય નહીં એ માટે તમામ વાલીઓ પોતાની દીકરીઓને તેમજ ઘરની મહિલાને સહાયરૂપ બનવા અપીલ કરાઇ છે.

---

- પીટીસી પોરબંદર ડાંગ ઇન્ફો ભુજ -(નવીન)